# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)


ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી

અમરેલી-૩૬૫૬૦૧

ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨


॥ कृषिमूलम् जगत् सर्वम् ॥

**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

आजादी का अमृत महोत्सव

**#AmritMahotsav**

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૪૦/૨૦૨૩**

**તા. ૧૯-૦૫-૨૦૨૩**

**પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન**

| | હવામાન પરિબળો | 13-05-2023 | 14-05-2023 | 15-05-2023 | 16-05-2023 | 17-05-2023 | 18-05-2023 | 19-05-2023 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 42.9 | 41.5 | 39.3 | 39.4 | 41 | 41.6 | |
| 3 | લઘુત્તમ તાપમાન (°સે.) | 26.5 | 27.6 | 28 | 26.7 | 26.6 | 26.1 | 26.1 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 54 | 98 | 96 | 94 | 97 | 97 | 82 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 14 | 24 | 31 | 29 | 20 | 17 | |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 13.1 | 15.6 | 17.5 | 17.0 | 16.2 | 12.8 | 11.7 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 112 | 98 | 82 | 68 | 81 | 83 | 109 |
| | | પૂર્વ અગ્નિ | પૂર્વ | પૂર્વ | પૂર્વ ઇશાન | પૂર્વ | પૂર્વ | પૂર્વ અગ્નિ |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 1 | 2 | 2 | 0 | 0 | 1 | 0 |

**અમરેલી જીલ્લાની તા. 20/05/2023 થી 24/05/2023 ની હવામાન આગાહી:**

| # | હવામાન પરિબળો | 20/05/2023 | 21/05/2023 | 22/05/2023 | 23/05/2023 | 24/05/2023 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | **મહત્તમ તાપમાન (°સે.)** | 42 | 41 | 41 | 42 | 42 |
| 3 | લઘુત્તમ તાપમાન (°સે.) | 27 | 26 | 26 | 27 | 26 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 72 | 75 | 75 | 74 | 74 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 20 | 23 | 21 | 18 | 22 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 21 | 21 | 21 | 21 | 24 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 291 | 291 | 288 | 283 | 248 |
| | | પશ્ચિમ વાયવ્ય | પશ્ચિમ વાયવ્ય | પશ્ચિમ વાયવ્ય | પશ્ચિમ વાયવ્ય | પશ્ચિમ નૈઋત્ય |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 3 | 4 | 3 | 4 | 3 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

| | |
|---|---|
| **હવામાન સારાંશ** | અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ગરમ, આંશિક ભેજવાળું અને આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે. મહત્તમ તાપમાન **૪૧-૪૨** °સે અને લઘુત્તમ તાપમાન **૨૬-૨૭** °સે જેટલું રહેવાની શક્યતા છે. વરસાદની શક્યતા નહીવત છે. |

**પવનની ગતિ સામાન્ય કરતા વધુ, અંદાજીત ૨૧-૨૪ કિમી/કલાક સુધી ની રહેવાની શક્યતા છે, દિશા મોટાભાગે પશ્ચિમ-વાયવ્ય રહેવાની શકયતા છે.**

**આગોતરું અનુમાન: તા.૨૫ થી ૨૯ મે ૨૦૨૩** દરમિયાન **સૌરાષ્ટ્ર** વિસ્તારમાં હવામાન ગરમ, આંશિક ભેજવાળું અને આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે. **લઘુતમ તાપમાન ૨૬-૨૮ °** સે અને **મહત્તમ તાપમાન ૩૮-૪૦ ° સે** જેટલું રહેવાની શક્યતા છે. **આ દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારમાં વેસ્ટર્ન ડીસ્ટર્બંસને કારણે અસ્થિરતા જોવા મળશે જેને લીધે એકલ દોકલ વિસ્તારમાં હળવા થી મધ્યમ વરસાદની શક્યતા રહેશે.**

**સામાન્ય કૃષિ સલાહ**


- → ચોમાસું પાકોમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન માટે જમીનની ચકાસણી કરાવવી.
- → દુધાળા પશુઓને ગરમીની ઋતુમાં મિનરલ મિશ્રણમાં પોટેશીયમ અને સોડિયમ વધારે આપવું જોઇએ.
- → ભવિષ્યમાં પવનને કારણે નુકસાન ના થાય તે માટે ખેતર ફરતે પવનરોધક વૃક્ષો જેવા કે નીલગીરી, સરુ વગેરે ઉગાડવા
- → પશુઓને બપોરના સમયે વૃક્ષોના છાયામાં અથવા શેડમાં રાખવા.
- → આ ગરમ હવામાન પરિસ્થિતિમાં ઉનાળુ શાકભાજી અને ઘાસચારાના પાકોને સવારે અથવા સાંજના સમયે જરૂરીયાત મુજબ હળવું પિયત આપવું. શાકભાજી અંને ફળ પાકોને પ્લાસ્ટિક અથવા ખેત આડપેદાશના અવશેષોનું આવરણ કરવું.
- → શિયાળુ પાકની કાપણી પછી ઊંડી ખેડ કરવી અને જમીનને સૂર્યના તાપમાં તપવા દેવી જેથી જીવાતોના ઇંડા અને કોશેટાનો તેમજ રોગકારક ફૂગ અને જીવાણુંનો નાશ થાય.
- → આગામી ચોમાસુ માટે પસંદગીના પાક માટે નું બિયારણ જરૂરી ખાતર અને દવા સમયસર મેળવી લેવા, ખાનગી કંપની કે અન્ય પાસેથી ખરીદેલ બીજનો ઉગાવો થોડું સેમ્પલ લઇ ચકાસી લેવો.
- → કોઈપણ પાકના બિયારણને પટ આપવા માટે પહેલા ફૂગનાશક, કીટનાશક અને ત્યારબાદ જ જૈવિક ખાતરનો પટ આપવો.
  - બિયારણ → ફૂગનાશક → કીટનાશક → જૈવિક ખાતર
- → પાક અવસ્થાએ આવેલ પાકને કાપણી કરીને સુકવણી કરવાની વ્યવસ્થા કરવી.
- → પવનની ગતિ વધુ હોય ત્યારે જંતુનાશક દવા, ખાતરનો છંટકાવ કરવો નહિ.

**SMS**


→ દુધાળા પશુઓને ગરમીની ઋતુમાં મિનરલ મિશ્રણમાં પોટેશીયમ અને સોડિયમ વધારે આપવું જોઇએ.

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| ચોમાસું પાકો | - | જમીન ચકાસણી | (આકૃતિઓ અને સલાહ નીચે) |




આકૃતિ-૧ : ખેતરના વિસ્તાર મુજબ જમીનના નમૂના લેવાના સ્થળ નક્કી કરવા.





આકૃતિ-૨: જમીનનો નમૂનો લેવાની રીત

જમીન ચકાસણી એ ખેત આયોજનનું ખુબ મહત્વનું પાસું છે, પાકો વાવ્યા પહેલા પોતાની જમીનની જમીન ચકાસણી કરાવી.

- જમીનનો નમુનો લેવા માટે જમીન પર કોદાળી કે ખુરપીથી V આકારનો ૨૫ સેમી ઊંડો ખાડો કરવો. ખાડાની એક બાજુએથી ૨ થી ૩ સેમી જાડાઈનો થર આકૃતિ ૨ મુજબ નમુના માટે લેવો, આ રીતે ૮ થી ૧૦ જગ્યાએથી પ્રતિ હેક્ટર માટી લઇ બરાબર મિશ્ર કરી એક કિલોગ્રામ માટી ચકાસણી માટે તૈયાર કરવી, અને નજીકની જમીન ચકાસણી પ્રયોગશાળામાં આપવા.

| | | | |
|---|---|---|---|
| સરગવો | શીંગો પૂરી થવી | છટણી | • સરગવાની શીંગો પૂરી થયા બાદ કે મે-જૂનમાં ૩૦-૪૫ સે. મી. ટોચની ડાળીઓ કાપવી. સરગવાના વૃક્ષો પ્રુનિંગ કરી (૨ મીટર ઊંચાઇ) ઠીંગણા રાખવા જેથી શીંગો ઉતારવામાં અને અન્ય ખેતી કાર્યોની સરળતા રહે. |
| કપાસ | પૂર્વ તૈયારી | જમીન વ્યવસ્થાપન | • જમીનને ખેડ કરી સમતલ બનાવો ઢાળ ઓછો કરો અને આ માસમાં છાણીયું (કમ્પોસ્ટ) ખાતર ચાસમાં ભરી દેવું.<br>• કપાસનું આગોતરું વાવેતર કરવું નહિ. તેમજ વાવેતર પહેલાં જમીનની ચકાસણી કરાવો. |
| | | ગુલાબી ઈયળ | • ઉનાળામાં ઊંડી ખેડ કરવી<br>• સમયસર કપાસ વીણી લઇ તેમાં ઘેટા-બકરાં અને ઢોરને ચરાવવા<br>• કરાંઠીઓને ફૂકણીનો ઉપયોગ કરી ભૂકો બનાવી સેન્દ્રિય ખાતર બનાવવામાં ઉપયોગ કરવો<br>• ખેતર અને તેની આસપાસમાં ઊભેલા કપાસના છોડ એકત્ર કરી નાશ કરવો.<br>• જીનીંગ મીલની અંદર અને બહારથી નકામા કચરાનો યોગ્ય રીતે નાશ કરવો. |
| | | જાત પસંદગી | • દેશી : ગુજરાત કપાસ દેશી, સંકર-૭,૯,૧૧, ગુજરાત કપાસ-૧૩,૧૭, ૨૧, ૨૩, ૨૫<br>• સંકર જાતોઃ ગુજરાત, સંકર કપાસ-૪,૬,૮,૧૦,૧૨<br>• બીટી :ગુજરાત કપાસ સંકર ૬,૮,૧૨ અને જીટીએચએચ-૪૯ (બીજી-૨) તથા સરકાર માન્ય જુદી જુદી બીટી જાતો |
| તલ (ઉનાળુ) | પાક અવસ્થા | કાપણી | • ઉનાળુ તલ પણ તેમજ ઘાટા પીળા પડી જાય પછી કાપણી કરી, ઉભડા કરવા તે પછી સુકાઇ જાય પછી ખેરી તલનું ગ્રેડીંગ કરી કોથળા ભરી લેવા. |
| તરબૂચ | વૃધ્ધિ, ફળનો વિકાસ | પાક સંરક્ષણ | • મોલો મશીના નિયંત્રણ માટે ૧૦ થી ૧૫ યલો સ્ટીકી ટ્રેપ (પીળા ચીકણા પિંજર) લગાડવા. |
| મગ-અડદ (ઉનાળુ) | પાક અવસ્થા | કાપણી | • મગની શીંગોની કાપણી વહેલી સવારે કરવી. |
| બાજરી (ઉનાળુ) | પાક અવસ્થા | કાપણી | • બાજરીનાં ડુંડાને દબાવાથી દાણા છુટા પડે ત્યારે લણવા. |
| આંબો  | ખાખડી થી પરિપક્વ ફળ | આચ્છાદન/ આવરણ/ મલ્ચીંગ/ લીલો પડવાશ  | • ઝાડ ઉપર કેરી હોય ત્યારે ખુલ્લી જમીનનો તડકો ન લાગે તે માટે કંઇ આચ્છાદન કરવું અથવા મગ/ગુવાર/શણ ઉગાડી આંબાવાડીયામાં ભેજ જાળવવો અને કેરી પાક પુરો થયા બાદ તેનો લીલો પડવાશ કરી નાખવો જેથી કેરીમાં કપાસીનો (સ્પોન્જી ટિશ્યૂ) રોગ નિવારી શકાય અને અન્ય કેરીમાં ફળ ઉપર સૂર્ય ગરમીથી પડતા ડાઘા અટકાવી શકાય. |
| | | કેરી ઉતારવી | • કેરી ઉતરતા પહેલા ૧૫ દિવસે ૧૦૦ લીટર પાણીમા ૫૦૦ ગ્રામ કેલ્શિયમ ક્લોરાઇડનો છંટકાવ કરવાથી બગાડ અટકાવી શકાય<br>• પરિપક્વ કેરી ૧ સે.મી. લંબાઇદાર ડીંટા સાથે પ્લાસ્ટીકના કેરેટમાં ઉતારવી. કેરીને તરત છાંયડે લઇ જવી. કદ, રંગ અને પરિપક્વતા પ્રમાણે વર્ગીકરણ કરી એક ઘરમાં ઉંધી હારમાં પાથરતા ક્ષીર સુકાઇ જાય છે. |
| શેરડી | પાક સંરક્ષણ | | • શેરડીમાં તડતડીયા અને સફેદ માખીના નિયત્રણ માટે લીંબોળી માંથી બનાવેલ ૫% દ્રાવણ ૫૦૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો. |
| દાડમ | | | • દાડમની ખેતીમાં ગાઠયા કૃમિનું નિયત્રણ માટે દાડમની ખેતી કરતા ખેડૂતોને ગાંઠયા કૃમિના અસરકારક અને અર્થક્ષમ નિયત્રણ માટે પેસીલીયોમાયસીસ લીલાસીનસ (૨ ૧૦ બીજાણું/ગ્રામ) ૨૦ કિ.ગ્રા/હે+ દિવેલી ખોળ ૨ ટન/હે. ચોમાસાની શરૂઆતમા અને ત્યારબાદ દર ૬ માસના આંતરે થડથી ૧૨ થી ૧૮ ઇંચ દુર તથા આશરે ૯ ઇંચ ઊંડી રીંગ કરીને જમીનમાં મૂળની નજીક આપવાની ભલામણ કરવામાં આવે છે. |
| કેળા | | | • કેળાની ખેતી કરતા ખેડૂતોને પ્રતિ હેક્ટર વધારેમાં વધારે ઉત્પાદન તેમજ આવક મેળવવા માટે કેળની ગણદેવી સિલેકશન જાત વાવવાની ભલામણ કરવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| **લીંબુ**<br> | **ફળ અવસ્થા/ ફૂલ અવસ્થા** | **બળિયા ટપકા**<br> | • બળિયા ટપકા ના નિયંત્રણ માટે નવેમ્બર-ડિસેમ્બર, ફેબ્રુઆરી-માર્ચ, જુન અને જુલાઈ-ઓગસ્ટ માં એમ કુલ ચાર વખત ૧૦:૦૫:૧૦૦ ના પ્રમાણ વાળું બોર્ડો મિશ્રણ અથવા તાંબા યુક્ત દવાનો છંટકાવ કરવો. |
| | | **ફળ ખરી જવા** | • લીંબુ ના ફળો બેસી ગયા બાદ ૨% યુરિયા સાથે ૨૦ **ppm NAA** ના ૧-૨ છંટકાવ કરવાથી ફળ નું ખરણ ઘટે છે અને ફળ ના કાળ અને વજન માં વધારો થાય છે. |
| | | **ગુંદરિયો** | • જમીનને અડકતી ડાળીઓની છટણી કરી બાળી નાખવી.<br>• થડને પાણીનો સીધો સંપર્ક ન થાય તે માટે થડ પર બોર્ડો પેસ્ટ (મોરથુથુ ૧ કિ.ગ્રા., કળીચૂનો ૧ કિ.ગ્રા. ૧૦ લિટર પાણીમાં ) લગાવી થડની ફરતે માટી ચડાવવી.<br>• અસરગ્રસ્ત ઝાડના થડ ફરતે મેટાલેક્ષિલ એમઝેડ ૭૨ વેપા (૨૫ ગ્રામ/૧૦ લિટર) નુ ડ્રેચીંગ કરવું. |
| | | **સાયલા**<br><br>**અને થ્રીપ્સ** | • ઉપદ્રવિત અને સુકી ડાળીઓ કાપતા રેહવું.<br>• ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ અથવા લીમડા / નફટીયાના પાન ૧ કિલોગ્રામ અથવા લીમડા આધારિત તૈયાર કરેલ કીટનાશક ૫ ઈસી – ૧૦ મી.લી. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| **મગફળી (ઉનાળુ)**<br> | **પાક અવસ્થા** | **કાપણી** | • જમીનમાં ભેજ હોય ત્યારે ઉનાળુ મગફળીને ઉપાડી ઢગલા અઠવાડીયું સુકાયા બાદ, પાથરા ફેરવી, ડોડવામાં ૮ ટકા ભેજ હોય ત્યારે થ્રેસિંગ કરવું. |
| **પશુપાલન**<br> | | | • બચ્ચાઓ કે જેની ઉમર આશરે છ માસની આસપાસ હોય તથા અન્ય પુખ્ત જાનવરોમાં કૃમિનાશક દવાનો ડોઝ આપવો.<br>• ગાયોમાં બાયપાસ પ્રોટીન આપવાથી દુધ ઉત્પાદન ક્ષમતામાં તેમજ ફેટમાં વધારો જોવા મળે છે.<br>• ગરમીની ઋતુમાં મિનરલ મિશ્રણમાં પોટેશીયમ અને સોડિયમ વધારે આપવું જોઈએ. |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના **હવામાન આધારિત કૃષિ સલાહ** અંગેના તાલુકા મુજબના **વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે** તમારા તાલુકા પર ક્લિક કરો.

જીલ્લા કૃષિ હવામાન એકમ (**DAMU**), ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (**GKMS**), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, અમરેલી-૩૬૫૬૦૧, ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

| | |
|---|---|
| **અમરેલી જીલ્લો** | https://chat.whatsapp.com/JAWflDrsNIgKE1Z2EYAkMq |

# District Agrometeorological Unit (DAMU)

## Gramin Krishi Mausam Seva (GKMS)


**Krishi Vigyan Kendra**
**Junagadh Agricultural University**
**Amreli-365601**
**Phone: 02792-227122**


Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

आजादी का अमृत महोत्सव

**#AmritMahotsav**

**Join our Telegram channel and block wise WhatsApp groups**

**Amreli District Agromet Advisory Service bulletin. No. 041(2023)**
**Date:19-05-2023**

### Significant weather of past week, Amreli

| | Parameter | 13-05-2023 | 14-05-2023 | 15-05-2023 | 16-05-2023 | 17-05-2023 | 18-05-2023 | 19-05-2023 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 42.9 | 41.5 | 39.3 | 39.4 | 41 | 41.6 | |
| 3 | Min.Temp.(°C) | 26.5 | 27.6 | 28 | 26.7 | 26.6 | 26.1 | 26.1 |
| 4 | RH-I (%) | 54 | 98 | 96 | 94 | 97 | 97 | 82 |
| 5 | RH-II (%) | 14 | 24 | 31 | 29 | 20 | 17 | |
| 6 | Wind Speed (kmph) | 13.1 | 15.6 | 17.5 | 17.0 | 16.2 | 12.8 | 11.7 |
| 7 | Wind Direction(deg.) | 112 | 98 | 82 | 68 | 81 | 83 | 109 |
| | | ESE | E | E | ENE | E | E | ESE |
| 8 | Total CC (octa) out of 8 | 1 | 2 | 2 | 0 | 0 | 1 | 0 |

**Weather Forecast from 20/05/2023 to 24/05/2023**

| # | Parameter | 20/05/2023 | 21/05/2023 | 22/05/2023 | 23/05/2023 | 24/05/2023 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 42 | 41 | 41 | 42 | 42 |
| 3 | Min.Temp.(°C) | 27 | 26 | 26 | 27 | 26 |
| 4 | RH-I (%) | 72 | 75 | 75 | 74 | 74 |
| 5 | RH-II (%) | 20 | 23 | 21 | 18 | 22 |
| 6 | Wind Speed (kmph) | 21 | 21 | 21 | 21 | 24 |
| 7 | Wind Direction(deg.) | 291 | 291 | 288 | 283 | 248 |
| | | WNW | WNW | WNW | WNW | WSW |
| 8 | Total CC (octa) out of 8 | 3 | 4 | 3 | 4 | 3 |

**Note: Above forecast is the average situation of whole district**

### Agro-Advisory

| | |
|---|---|
| **Weather Summery** | ▪ The weather in Amreli District is likely to be Warm, moderate humid, and partly cloudy in next 5 days. Very less probability of light rainfall over isolated places. The minimum temperature is likely to be **26-27** °C. The maximum temperature is likely to be **41-42°** C in next five days. |

- Wind direction likely from WNW to WSW **with gusts of 21 to 24 km/h.**
- **Extended Range Forecast:** The weather of Saurastra and kutch likely to be warm, moderate humid and partly cloudy from 25 to 29 may. The isolated very light to light rainfall likely over saurastra region due to western disturbance Minimum temperature remains 26-28, and maximum temperature likely to be 38-40 °C in forecast period.

**General Advisory**

→ Do soil testing for the Integrate nutrient management in Kharif crops.

→ Give more potassium & sodium in mineral mixture to animals during summer season.

→ Plantation and grow windbreaks trees on border to prevent loss by the high winds.

→ Due to prevailing dry and hot weather conditions, farmers are advised to apply light &amp, frequent irrigation in all vegetable and fodder crops in the morning hours or in the evening hours.

→ Carry out mulching in wide space vegetable crops.

→ Deep ploughing of fields after harvesting of rabi crops is advised so that eggs and pupating stages of insects, fungus, bacteria and weed seeds will destroy under high temperature.



→ Seed for the selected crop for the next monsoon to get the required fertilizer and medicine in time, take a small sample and test the growth of seeds purchased from a private company or others.

→ Keep maintain the sequence in seed treatment like first treat the seed with Fungicide, Insecticide and then after seed treatment with biofertilizer.



→ Seed Treatment: Seed Material → Fungicide → Insecticide → Biofertilizer

**SMS Advisory:**

→ Give more potassium & sodium in mineral mixture to animals during summer season.

| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| **Kharif Crops** | - | Soil Testing | <br><br>આકૃતિ-૧ : ખેતરના વિસ્તાર મુજબ જમીનના નમૂના લેવાના સ્થળ નક્કી કરવા.<br><br><br>આકૃતિ-૨: જમીનનો નમૂનો લેવાની રીત<br>• Make 25 cm of V shape in soil by farm implement, take 2 to 3 cm of layer from the deep soil. Take this type of sample from 8 to 10 spot from 1 hectare in reference to figure-1 and well mixed it and use 1 kg soil for the soil testing. |

| | | | |
|---|---|---|---|
| **Drumstick** | After Harvest | Prunning | • Pruning to be done from 30 to 45 cm of top branches after completion of harvesting in drumstick in May-June. Pruning of drumstick trees (2 m height) to keep them small so as to facilitate harvesting of pods and other farming activities. |
| **Cotton** | Mitigation | Land Preparation | • Plough the land and level it. Reduce the slope.<br>• Apply compost in the furrow in this month. |
| | | Pink bollworm | • Timely picking of the cotton and after that graze sheep, goats and cattle in cotton field.<br>• Make organic fertilizer of stalk of the cotton<br>• Remove and destroy the undesired plants of cotton in and around the field. |
| | Varieties | | • Arboretum: Gujarat Cotton Desi, Hybrid-7, 9, 11, Gujarat Cotton- 13,17, 23, 25<br>• Hybrid: Gujarat Cotton Hybrid-4, 6, 8, 10, 12<br>• BT: Gujarat Cotton Hybrid-6, 8, 12, GTHH-49 (BG-II), and other government approved seed. |
| **Sesame (Summer)** | Maturity stage | Harvesting | • Summer sesame is harvested after the leaves turned yellow, to stand out after it dries, grading the sesame seeds and fill the bags. |
| **Watermelone** | Fruit development | Crop Protection | • Install 10 to 15 yellow sticky traps / ha. for control of Aphid. |
| **Green gram Black gram** | Maturity stage | Harvesting | • Picking pods early in the morning. |
| **Pearl Millet** | Maturity stage | Harvesting | • Harvesting the crop when the seeds are released by pressing the earheads. |
| **Mango** | | Green manuring/ Spongy tissue /Mulching  | • Cover the open ground or sowing Green gram/cluster bean / sunn-hemp to maintain moisture in the soil of mango orchard and use it as in-situ green manuring after completion of mango crop when there is Fruit on the tree to prevent sponge tissue disease. And in other mangoes, the stains from the sun heat on the fruit can be prevented. |
| | | Powdery mildew | • Apply spray of wettable sulphur @ 250g/100 L water to control powdery mildew during flowering. |

| | | | |
|---|---|---|---|
| | | Harvesting | • Apply Spray of CaCl2 before 15 days of Harvesting of fruits to prevent diseases in mangos.<br>• Harvest the Matured Mango with 1 cm of fruit stalk in plastic crates. Keep harvested Mango in shade Grading of fruits according to size, colour and maturity and then arrange the fruit in inverse position to dry out the sap of fruit stalk |
| **Sugarcane** | Crop Protection | | • To control aphids and whiteflies in sugarcane, spray 5% solution made from Neem seed @ 500 g of 10 liters of water. |
| **Pomegranate** | Crop Protection | | • For effective and efficient control of nematodes, it is recommended to make a ring 12 to 18 inches away from the trunk and about 9 inches deep near the roots in the soil and apply Paecilomyces lilacinus 20 kg/ha at the beginning of monsoon and thereafter at intervals of every 6 months. |
| **Banana** | Sowing | Varieties | • Farmers cultivating bananas are recommended to cultivate "Ganadevi Selection of Banana" variety to get maximum yield and income per hectare. |
| **Lime**  | Fruiting | Citrus Canker  | • Apply four spray of Bordeaux mixture or copper-based fungicide in November, February, June and July for the control of the citrus canker. |
| | | Fruit dropping | • Apply urea 2% with NAA 2 ppm during fruiting to decrease the quantity of fruit dropping. |
| | | Gummosis | • Pruning of branches attached to soil.<br>• Paste Bordeaux mixture on bark of the tree.<br>• Drenching of metalaxyl MZ 72 WP @ 25 g/ 10 l water around bark of the tree |
| | | Psylla  & thrips | • Remove and destroy infected trunks.<br>• Apply to Spray neem seed kernel powder @ 500 g OR leaves of Neem OR Beauveria @ 1 kg OR Neem based insecticide 5 EC @ 10 ml in 10 litres of water at the initial stage of infection. |
| **Groundnut Summer**  | Maturity stage | Harvesting | • pull out the summer groundnuts When the soil is moist after the heaps have dried for a week, turn the beds, and threshing when there is 8% moisture in the soil. |

| | |
|---|---|
| **Livestock**  | • Deworming should be given to chicks around 6 months of age and other adult animals.<br>• Give bypass protein to cow to increase the milk production and fat.<br>• Give more potassium & sodium in mineral mixture during summer season. |

**Subject Matter Specialist**
**Agrometeorology**

## Click your block to join whatsapp group of DAMU

| | |
|---|---|
| Amreli District | https://chat.whatsapp.com/JAWflDrsNIgKE1Z2EYAkMq |